# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૧૧ અષાઢ-જૂન સળંગ અંક-૧૩૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઇન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ ભક્તની નજરમાં ભગવાન

★ પત્ર પ્રેરણા

★ વાંચનનું તારણ,
સાવધાનીનું કારણ !!!

★ ખ્યાતનામ કંપનીઓય સ્વાસ્થ્ય માટે ખતરનાક !

★ અનુમોદનામૃતમ્


## આર્ષવાણી

**तह जो मरणंते वि हु,**

**मणसा वि न खंडए नियं नियमं।**

**सो सग्गइं पावइ,**

**जह पत्तं धम्मरुइमुणिणा।।**

જે રીતે ધર્મરુચિ મુનિવરે મરણાંત કાળે પણ પોતાના નિયમનો મનથી પણ ભંગ ન કર્યો, તે જ રીતે જે પુણ્યાત્મા પોતાના સ્વીકારેલા વ્રતનું અખંડ પાલન કરે છે, તે સદ્ગતિમાં જાય છે.

દીન - હીન - અનાથ વગેરે દુ:ખી જીવને જોઈ જેને દયા આવતી નથી તેના દિલમાં સર્વજ્ઞભગવંતે કહેલો ધર્મ નથી !





- શ્રી ભક્તિદૂત

હે વીતરાગ ! હે મુક્તિવધૂના કંત ! આપ વગર બોલાવ્યે આવીને સહાય કરનાર છો. 'બિન બુલાયે મહેમાન' ની જેમ આપ અપ્રિય બનતા નથી, વગર આમંત્રણે આવનાર મહેમાન ક્યારેક પ્રિય તો ક્યારેક અપ્રિય પણ બને છે. આપ તો બધા જીવો માટે ગમતા મહેમાન છો. આપ તો નિ:સ્વાર્થ છો. આપ કોઈની પાસેથી પોતાનું કામ કઢાવવા નથી આવતા... કોઈકને સહાયક બનવા માટે પધારો છો.

આપના જીવનનું ઊંડાણથી અવલોકન કરનાર ભક્ત તો એમ કહે છે કે - હે નાથ ! આપ અમારા દોષોને દૂર કરવા (લેવા) અને ગુણોનું દાન કરવા પધારો છો... તેથી ભક્તને ક્યારેય આપના આગમનથી ખર્ચો થતો નથી, માત્ર આવક જ થાય છે. નુકશાન થતું નથી, લાભ જ થાય છે. અલબત્ત, ભક્તને ખ્યાલ પણ ન હોય કે મારા આત્મામાં આટલા-આટલા કે આ-આ દોષો છે... તેના અજ્ઞાત દોષોને પણ આપ નષ્ટ કરી આપો છો. પોતાની જ માલિકીના ગુણોનો પરિચય જ ન હોવા છતાં તે ગુણો; જે રાગ-મોહાદિએ ચોરી લીધા હોય... તેના પર પોતાનો કબજો જમાવ્યો હોય... તેને તેના નિયંત્રણમાંથી છોડાવી પરત અપાવો છો. આવા જગતમાં પ્રાર્થના કરવા છતાં, માંગવા છતાં, સમજાવવા છતાં કે પંચ વગેરેને વચમાં રાખવા છતાં અથવા આગળ વધીને કોર્ટ - કચેરીમાં જવા છતાં મારી માલિકીની ચીજ મને મળતી નથી. આપ તો પ્રાર્થના કર્યા વગર જ આ કાર્ય કરી આપો છો ! ભક્ત મહેલમાં હોય, જેલમાં હોય, જંગલમાં હોય કે ઘરમાં હોય... એકલો હોય કે સમૂહમાં હોય... આપત્તિમાં હોય કે સંકટમાં હોય... શ્રમણ જીવનમાં હોય કે શ્રાવક જીવનમાં હોય... નરકમાં હોય કે સ્વર્ગલોકમાં હોય... માનવના અવતારમાં હોય કે જાનવરની યોનિમાં હોય... આપની સહાય તમામ અવસ્થામાં, તમામ સ્થાનોમાં અને તમામ ગતિ-જાતિ-યોનિમાં મળતી રહે છે.

માત્ર ભક્તને જ નહીં, દુશ્મનને પણ આપ સહાય કરો છો ! કારણ, તે વ્યક્તિ કે જગત ભલે તને કે તારા માટે તેને દુશ્મન ગણતું હોય... પરંતુ તારા માટે તો જગતમાં કોઈ જ શત્રુ નથી. તારા દિલમાં પ્રતિકૂળ બનનાર કે દુ:ખ આપનાર જીવો પણ દુશ્મન તરીકે સ્થાન પામતા નથી. શત્રુતાની જગ્યાએ મિત્રતાના સંબંધ જ તારા અંત:કરણમાં જોવા મળે છે. સાચો મિત્ર સામાને આપત્તિમાં જોઈને ચૂપ બેસી રહે ખરો ? તેને સહાયક બનવા માટે દોડી ન જાય તો તેને સાચો મિત્ર ન જ

કહેવાય. તારા દિલમાં તો ભાવ હતો : 'મિત્તી મે સવ્વભૂએસુ' મૈત્રીનો આ સંદેશ જગતના પ્રાણી માત્રને મિત્ર બનવાની - બનાવવાની વાત કરે છે.

મારું મિત્રવર્તુળ (ફ્રેન્ડસર્કલ) સીમિત નહીં, અમર્યાદિત હોવું જોઈએ. આ વર્તુળમાં માત્ર માનવોને જ નહીં, જીવ માત્રને સમાવવાના છે. જ્યારે માનવ જગતની વર્તમાન પરિસ્થિતિ જોતાં તો એમ જણાય છે કે - દરેકને મિત્ર વર્તુળની જેમ શત્રુસમૂહ પણ વિદ્યમાન છે. ક્યાંક એવું પણ જોવા - જાણવા મળે છે કે - મિત્રો કરતાં શત્રુની સંખ્યા મોટી હોય ! હે જિનશ્વર ! શત્રુ - મિત્ર પ્રત્યે સમાનભાવ (વૃત્તિ) રાખનાર તારા ભક્તને આવું શોભે ? યોગ્ય ગણાય ? આ તો 'બાપ પાસે ગુણનો નહીં, સ્વાર્થી ધન - મિલકતનો વારસો માગવા જેવી ઘટના ગણાય.'

હે ભગવાન ! તું તો જ્ઞાયક પણ છે ને દાયક પણ છે. ઘણા જીવોની ઘટના પર નજર નાંખતાં જોવા મળે છે કે - અયોગ્યને યોગ્ય તેં બનાવ્યા - અપાત્ર ને પાત્ર તેં બનાવ્યા. પાપીઓને પાવનતમ તેં બનાવી દીધા ! રંકને રાજા તેં કરી દીધા. રખડતા - ભટકતા ભૂત જેવા જીવોને તેં ભગવાન બનાવી દીધા ! તારી કૃપાને જેણે ઝીલી તે ન્યાલ થઈ ગયા. તારા જેવા ભગવાનને ઉપાસ્ય બનાવવાને બદલે દુશ્મન બનાવ્યા તે તો પાયમાલ થઈ ગયા. તેમાં તારો કોઈ જ દોષ નથી. તે પોતાની જ ભૂલનું પરિણામ ભોગવે છે. હાથનાં કર્યાં જ તેને હૈયે વાગે છે. 'વાવે તેવું લણે' આ કહેવત જગપ્રસિદ્ધ છે.

હે રાગવિજેતા ! રાગી ઉપરનો રાગ આગળ જતાં દ્વેષાદિ દુર્ગુણોમાં પલટાય છે. વીતરાગી પરનો રાગ તો પહેલાં વિરાગી અને પછી વીતરાગી બનાવી દે છે ! રાગી પરનો રાગ ભવચક્રના વધારા માટે થાય છે, જ્યારે વીતરાગી એવા તારા પરનો રાગ તો તારા વીતરાગ સ્વરૂપની પ્રાપ્ત કરાવનારો થાય છે. રાગની પાછળ કંઈ-કેટલાય દોષો - દુર્ગુણો છુપાયેલા હોય છે, તે દોષો દેખાતા નથી પરંતુ જીવનમાં પ્રવેશી ગયા પછી પરેશાન કરી મૂકે છે. આ નિયમ રાગી જીવ પરના રાગ માટે છે, વીતરાગી પરના રાગ માટે નહીં ! વિરાગીનો રાગ જેમ વિરાગ તરફ વાળે છે, તેમ વીતરાગ પરનો રાગ વીતરાગતા તરફ ખેંચી જાય છે. મતલબ, ગુણ-ગણના ભંડાર બનાવે છે. એટલે કે - વીતરાગનો રાગ- પ્રેમ જીવને પહેલાં વિરાગ પેદા કરે છે. (સંસારના ભૌતિકપદાર્થાદિના અને શરીર-પરિવારાદિના રાગને નષ્ટ કરે છે.) પછી વીતરાગ બનાવી દે છે !

હે પરમાત્મન્ ! તેં ક્યારેય કોઈને દોષોનું દાન નથી કર્યું માત્ર ને માત્ર ગુણોનું જ દાન કર્યું છે. અપેક્ષાએ કહું તો અભવ્યનેય વિશ્વાસસંપાદન તેં કરાવ્યો છે. તેના જ પ્રભાવે અભવ્ય જીવોય દ્રવ્યચારિત્રનો સ્વીકાર કરનારા બન્યા !હે



દેવાધિદેવ ! જગતના પારસમણિની વાત કરું તો લોખંડને સ્પર્શે ત્યારે જ તેને સુવર્ણ બનાવે છે. તું તો એવો પારસમણિ છે કે - દૂર રહેલા (સ્પર્શ વગર) લોખંડ જેવો જીવને સુવર્ણ બનાવી દે છે ! પત્થરમાંથી પ્રતિમા બનાવવા માટે કારીગરોને ટાંકણાં-હથોડીની જરૂર પડે છે. તું તો વગર હથોડી ને ટાંકણે અણઘડ પત્થર જેવા જીવને દર્શનીય - પૂજનીય - ધ્યેય એવી પ્રતિમા (સાક્ષાત્ ભગવાન) બનાવી દે છે! પ્રત્યક્ષ નહીં, પરોક્ષમાં રહેલા તને માત્ર હૃદયથી - ભાવપૂર્વક પ્રાર્થના કરેતોય તું તેને સુવર્ણ અથવા ભગવાન (પ્રતિમા) બનાવી દે છે ! હે જગતના જવાહિર ! તારી તમામ વાતો અલૌકિક - લોકોત્તર ગણાય છે, જણાય છે, સાક્ષાત્ અનુભવાય છે.

હે સર્વજ્ઞ ! આપ તો એવું જ્ઞાન ધરાવો છો કે - મર્ત્યલોકમાં રહીનેય અનુત્તર વિમાનમાં રહેલા દેવોના સંશય દૂર કરો છો. તેમની જિજ્ઞાસાને સંતોષો છો. માત્ર એ માટે જ આપના દ્રવ્ય મનનો આપ ઉપયોગ કરો છો. બાકીના સમયે આપને દ્રવ્ય મનની પણ જરૂર પડતી નથી.

હે પરોપકારપરાયણ ! આપ તો કારણ વગર સૌનું હિત કરનારા છો. અર્થાત્ વગર બોલાવ્યે આપ પરહિત માટે હંમેશા તત્પર રહો છો. વળી, આ ગુણ તો માતા વગેરેના વાત્સલ્યને લજવે તેવો હોય છે. જગતમાં વાત્સલ્ય પ્રદાન કરનાર તરીકે દાદા-દાદી અને માતા ગણાય છે. તે પણ માત્ર પોતાનાં પુત્ર-પૌત્રાદિ પર જ હોય છે. તારું વાત્સલ્ય તો નિગોદથી અથવા પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીના તમામ જીવો પર હોય છે ! વિશ્વમાં કોઈની સાથે તારી સરખામણી થઈ શકે તેમ નથી. એટલે કે તારા ગુણોની હોડમાં કોઈ ઊતરી શકે તેમ નથી. તારા બધા જ ગુણો ચરમ કક્ષાના છે ! વળી, આવા ગુણો ૮-૧૦-૧૫ નથી ૧૦૦-૨૦૦-૫૦૦ નથી. ૧૦૦૦-૨૦૦૦-૫૦૦૦ નથી અનંત છે. ત્યારે જ પૂ.જ્ઞાનવિમલસૂરિજી મ. સ્તવનમાં જણાવે છે. 'એક એક પ્રદેશ તાહરે ગુણનો અનંતનો વાસ રે...' આત્માના પ્રદેશ અસંખ્ય છે. એક-એક પ્રદેશ પર અનંત ગુણનો વાસ છે....! સંપૂર્ણ ચૌદ રાજલોકના જેટલા આકાશ પ્રદેશ છે, તેટલા એક જીવના આત્મપ્રદેશો હોય છે.

હે આત્માનંદી ! તારી પાસે જગતમાં ગણાતી સર્વશ્રેષ્ઠ ગુણસંપત્તિ છે... છતાં તેનું અભિમાન તારામાં નથી. ઘમંડ જેવી ચીજ શોધી જડતી નથી. હા, અનંતગુણના સ્વામી તને મેળવીને અમારા ગૌરવની કોઈ સીમા નથી. જગતના દેવતત્ત્વમાં સર્વોત્તમ. સર્વોપરિ - સર્વ ગુણસંપન્ન - સર્વ દોષરહિત તું જ છે. કેટ - કેટલાં પુણ્યના ઉદયે તારો ભેટો થયો છે ! **તારી પાસે જ્ઞાનાદિ ગુણોની પરાકાષ્ઠા છે, તો મારી પાસે વિશિષ્ટ પુણ્યની પરાકાષ્ઠા છે;** એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય ! માટે જ તો તારો ભેટો થયો.

હે જ્ઞાનાનંદી ! મારા પુણ્યની પરાકાષ્ઠાની સાથે સાથે, તારા જ્ઞાનથી મારામાં કેટલાક દોષોની પરાકાષ્ઠા પણ જોવા મળે છે. અનાદિકાળથી કેડે લાગેલા એ દોષોમાં કેટલાક તો મારી જાણકારીમાં છે. કેટલાક મારી જાણ બહાર પણ હશે જ; એ મારી અજ્ઞાનતા પણ જોઈએ તેવી ખૂંચતી નથી. દોષોનો ડંખ નથી. હે ક્ષમા વીર ! મારો દોષ પણ મને ન ખટકે તો દોષ મુક્તિ ક્યાંથી થશે ? આવા દોષોના ઊકરડા તરીકે મને જોઈને મારા પર વિશેષ કરુણા કરજે. મારી ઉપેક્ષા ન કરીશ. હા પ્રભુ ! મને ખ્યાલમાં છે કે - મેં તારી ઘણી -ઘણી વાર ઉપેક્ષા કરી હશે, પરંતુ તેં તો મારી ક્યારેય ઉપેક્ષા નથી જ કરી ! માટે જ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. વીતરાગસ્તોત્રના તેરમા પ્રકાશમાં તને 'અકારણવત્સલ' તરીકે નવાજે છે, તારી ગુણસ્તવના કરે છે.

હે વાત્સલ્યસિંધુ ! તારા નાનકડા હૃદયમાં કરુણાનો મહાસાગર છલકાતો જોવા મળે છે. પરમભક્ત, બાળકની જેમ વિનયના ભંડાર ગણાતા ગૌતમસ્વામી, તારા ગ્રામાનુગ્રામ વિચરણ દરમિયાન તારા શુભસમાચાર મળતાં તે દિશામાં સોનાના જવલાથી ગહુંલી કરનાર અને આપે જેમને તીર્થંકરપદનું દાન કર્યું એવા શ્રેણિકરાજા હોય... કે ઉપસર્ગોની ફોજ લઈને તારી સામે મેદાને પડેલો સંગમદેવ હોય.. બધા માટે તું અકારણવત્સલ જ બનીને રહ્યો છે. તારા દિલને તેની શુભાશુભ કોઈ જ અસર થતી નથી. તારો સમભાવ અને સમતાભાવ : બંનેને કોટિ કોટિ સલામ... ! હે ગુણસાગર ! તને ભાવથી વંદન. મારામાં પણ વિષમતાના નાશ સાથે સમતાનો આવિર્ભાવ થાય એવી કરુણા કરજે. તારી કરુણા મારા આત્માને વિશુદ્ધિ તરફ દોરવી જશે, એવો વિશ્વાસ છે.

હે સૌભાગ્યતિલક ! તારી કરુણાના સમુદ્રમાં ઝીલવા (ન્હાવા) ન મળે તો કાંઈ નહીં, તેનું પાન મળશે... તેનો એક ઘુંટ પણ મળશે તોય હું મારી જાતને ધન્ય માનીશ. અરે ! માત્ર એ કરુણામૃતનું આચમન મળશે તોય હું ગૌરવાન્વિત બની જઈશ. એનાથી આગળ વધીને એવું કહીશ કે - માત્ર ને માત્ર એકવાર તારી કરુણાદૃષ્ટિ પણ મારા પર કરીશ તો પણ હું ન્યાલ થઈ જઈશ. તારી કરુણાસભરદૃષ્ટિ પણ મારા સમગ્ર દેદાર બદલવા સમર્થ છે ! શ્રી સંભવનાથ પ્રભુના સ્તવનમાં માટે જ તો ગાયું કે - 'કરુણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે... સંભવ ! જિનવર વિનતિ...'

હે નિરીહ શિરોમણિ ! જગતમાં કેટલાક લોકો આશ્રિત જન-વત્સલ હોય છે. તું તો એવો છે કે - કોઈ આશ્રય કરે કે ન કરે... બધા ઉપર વાત્સલ્ય ધરાવનારો



અને હિત કરનારો છે. ચરાચર (ત્રસ-સ્થાવર) જીવો પર અમાપ વાત્સલ્ય ધરાવો છો, તો જડ એવા પદાર્થો પ્રત્યે સમભાવવાળા, વિરાગ ભાવવાળા છો. જે જડ પદાર્થોનો રાગ જ સંસારવૃદ્ધિનું અને ભવભ્રમણનું કારણ છે તેને જોવાની દૃષ્ટિ જ તેં બદલી નાંખી છે. આ દૃષ્ટિમાં જ રાગ-વિરાગના દ્વંદ્વ ભાવો ભરેલા છે. જ્યાં રાગ આવે છે ત્યાં ભવિષ્યમાં દ્વેષ આવવાની પણ સંભાવના રહે છે. ભગવન્ ! આપે ફરમાવેલો વિરાગ કે અનાસક્તિનો ભાવ આવે તો જ દ્વેષ ભાવથી આત્મા બચી શકે. જડપદાર્થો - ભૌતિક પદાર્થો પ્રત્યે આપ તો નિરીહ અને નિઃસ્પૃહ છો.

હે જગતશરણ્ય ! આપને હું 'મા' તરીકે પણ જોઈ-સંબોધી શકું છું. કારણ, માતાના કેટલાક ગુણો તારામાં સ્પષ્ટ પણે જોવા મળે છે ! પુરુષમાં અસંભવ અને માતામાં સંભવિત એવા ઘણા ગુણોનો તું સ્વામી છે. વળી, એ ગુણો માતા કરતાં વિશિષ્ટ જ નહીં, વિશિષ્ટતમ અને સર્વોત્કૃષ્ટ છે. વળી, કેટલાક ગુણોમાં વિલક્ષણતા પણ દૃષ્ટિગોચર થાય છે. જગતની માતાઓને પુત્રના શરીર પર મમત્વ હોય છે. તેના કારણે પરસ્પરની એ મમતા બંનેને કર્મબંધનું કારણ બને છે. હે પ્રભો ! તારી નજરમાં નાશવંત શરીર, નાશવંત પૈસાદિ નહીં, શાશ્વત આત્મા અને તેના શાશ્વત ગુણો જ હોય છે. તેના યોગે નથી તું કર્મથી લેપાતો કે નથી ભક્ત કર્મથી ખરડાતો! અલબત્ત, તારા એ શુભભાવો અમારા જેવા જીવોના ગુણોની પ્રાપ્તિ અને વિશુદ્ધિનું કારણ બને છે.

જગતની માતાઓ સંતાનનાં રૂદનનો અવાજ સાંભળતાં જ તેનાં દુઃખોને દૂર કરવા સજ્જ થઈ જાય છે. તારી વાત કરું તો તું વગર રૂદને, વિના બોલે, વગર બોલાવ્યે જ પહોંચી જાય છે. કારણ, માતાને તેવું જ્ઞાન ન હોવાથી રૂદન વગર સંતાનની પીડાનો ખ્યાલ આવતો નથી. તું તો સર્વજ્ઞ - સર્વદર્શી હોવાના કારણે પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોનાં દુઃખ - દર્દનો જ્ઞાતા છે. તું તો સામે ચાલીને દુઃખોનાં કારણભૂત ગણાના દોષો - દુર્ગુણોને દૂર કરવા અને સુખના કારણભૂત ગુણોને પ્રાપ્ત કરાવવા સામે ચાલીને પહોંચી જાય છે. તારી આ પરાર્થ-કરણતાને કયા શબ્દોથી વખાણું ?શબ્દો વામણા પુરવાર થાય તેમ છે !

હે કર્મસંગ્રામવીર ! આપનો પરાર્થકરણ ગુણ પરાકાષ્ઠાએ પહોંચેલો ત્યારે જણાય છે કે, જ્યારે લોહીનો, શરીરનો, જ્ઞાતિનો, ગતિ-જાતિ વગેરેનો કોઈ જ સંબંધ ન હોવા છતાં આપે 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવનાને મન-દિલમાં સ્થાન પ્રદાન કર્યું ! આ ભાવનામાં કોઈ જ જીવને બાકાત નથી રહેવા દીધો; ભલે તે વ્યવહારથી દુશ્મન કેમ ન હોય... વ્યવહારથી એટલા માટે કહું છું કે - તારા

અંતઃકરણમાં કોઈના પ્રત્યે દુશ્મન - દાવો જ નથી હોતો ! અન્ય કર્મવશ કેટલાક જીવો તને દુશ્મન માનતા હોય છે. મતલબ, એક પાક્ષિક દુશ્મની જોવા મળે છે. તારી નજરમાં તો સૌ જીવો મિત્ર છે પરંતુ બધાની નજરમાં તારા માટે એવો ભાવ નથી હોતો ને ? અજાતશત્રુ ગણાતા તારા પ્રત્યે દુશ્મનાવટનો ભાવ લાવનારા કે રાખનારા જીવોનું હે ત્રિલોકનાથ ! શું થશે, એ કલ્પના પણ કરવી મુશ્કેલ છે. દુર્ગતિમાં ભવભ્રમણ સિવાય કર્મસત્તા તેને કઈ બીજી ભેટ આપી શકે ? આવા જીવોનું ય ભલું થાઓ.

હે યોગીજનપ્રિય ! સંસાર રસિક જીવો ભલે તારાથી દૂર રહેતા હોય, ભોગી જીવો ભલે તારી નજીક ન ડોકાતા હોય.. મિથ્યાત્વથી વાસિત જીવોને ભલે તારા તરફ દ્વેષનો ભાવ હોય કે ભક્તિભાવ ન હોય... મોહના ગુલામ જીવોને તારો પ્રેમ ન હોય તે બનવા જોગ છે... પરંતુ યોગી જીવો તો તને વળગ્યા રહે છે. તેઓનાં દિલમાં તો તારા પ્રત્યે ચુંબકીય આકર્ષણ જોવા મળે છે. યોગીજનો તો તને આરાધ્ય, સેવ્ય, ઉપાસ્ય, જપ્ય, ધ્યેય, પૂજ્ય.. તરીકે સ્વીકારે છે. જગતના જડપદાર્થો અને અન્ય જીવો કરતાં તારી લગની વધારે સતેજ હોય છે. તેઓ તો ડગલે ને પગલે... હૃદયના પ્રત્યેક ધબકારમાં... શ્વાસે-શ્વાસે સો-સો, હજાર-હજાર વાર તારું જ સ્મરણ કરે છે. પોતાના પ્રાણનો આધાર જ તને ગણે છે. હૈયાના હાર તરીકે, આંખની કીકી તરીકે, કાળજાની કોરની જગ્યાએ, માથાના મુગટ સ્વરૂપે તને જુએ છે ! તારા વિયોગમાં ઝૂરનારા તેઓ તારો સંયોગ થતાં આનંદથી ઝૂમી ઊઠે છે. તેઓ રોમાંચ અનુભવે છે. અનભિલાપ્ય ખુશી તેઆનાં અંતઃકરણને ભરી દે છે !

[ધ]

## ★ પત્ર પ્રેરણા ★★★

[૧]

**વરણામા તીર્થ મહાસુ.૧૫**

**આચાર્યવિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**
**ધર્માનુરાગી સુશ્રાવક પ્રકાશભાઈ વગેરે પરિવાર યોગ્ય ધર્મલાભ.**
**દેવ-ગુરુ પસાયે સુખશાતા છે.**

તમારી યાત્રા સુખપૂર્વક આગળ વધી રહી હશે ? ભગવાનની ભક્તિમાં ક્યાંય કચાશ ન રાખશો. જનમોજન્મના ઉપકારી શ્રીવીતરાગ-દેવાધિદેવની ભક્તિમાં અચિંત્ય શક્તિ છે. ઉપસર્ગોને હટાવવાની, વિઘ્નોનો વિનાશ કરવાની, મનને પ્રસન્નતાથી ભરી દેનારી ભગવદ્ભક્તિ માટે ૩૨-૨૮-૧૨ લાખ આદિ



વિમાનોના માલિક ગણાતા દેવેન્દ્રો પણ; પોતાનાં અઢળક ભોગ-સુખને છોડી દોડાદોડ કરે છે. વિહરમાન ભગવાન પાસે જઘન્યથી એક કરોડ દેવો હંમેશા રહે છે. કલ્યાણકના પ્રસંગોમાં ૬૪ ઈન્દ્રો સહિત સંખ્ય - અસંખ્ય દેવી - દેવતાઓ ભગવાનની ભક્તિમાં ખોવાઈ જાય છે.

હાલ તમને સામૂહિક પુણ્યોપાર્જનની ઉત્તમ તક સાંપડી છે. એને તન-મન-ધનથી વધાવી લેશો. વારંવાર આવા પ્રસંગો આવતા નથી. માતા-પિતાના સંસ્કારવારસાની સફળતા પણ આમાં જ છે.

ભગવાનનાં દર્શન એવાં કરો કે એનાથી પોતાના આત્માનાં દર્શન થઈ જાય. ભગવાનની પૂજા એવી કરો કે આપણો આત્મા સ્વયં પૂજ્ય બની જાય. ભગવાનનાં સ્તુતિ-સ્તવનાદિથી એવી ભક્તિ કરો કે ભૂતકાળનાં અનેક જન્મોનાં પાપ ધોવાઈ જાય. ઘર-સંસારને ભૂલીને, જે ૮-૧૦ દિવસ તીર્થયાત્રા માટે મળ્યા છે તેને સફળ બનાવશો. પુણ્યાનુબંધી પુણ્યોપાર્જનનો મોકો મળ્યો છે. બધાને પણ વિશેષ ભગવદ્ભક્તિમાં જ જોડશો. આ દિવસો જીવનના સોનેરી દિવસો બની જવા જોઈએ, જેને અંગ્રેજીમાં ગોલ્ડન પીરિયડ કહી શકાય.

ભોજનને ગૌણ કરી ભજનને મહત્ત્વ આપવાનું છે. ખાવા-પીવામાં ઘણાં વર્ષો કાઢ્યાં. આહાર સંજ્ઞા તો તિર્યંચની ગતિમાં ધકેલી દેનાર છે. ભગવાનની ભક્તિ - ભજન જીવને સદ્ગતિગામી બનાવે છે. ઘર-પરિવાર-પૈસા-પેઢી આદિનો રાગ જીવને ચીંકણાં કર્મો બંધાવે છે. ભગવાનનાં જાપ-ધ્યાન આપણને એ કર્મોથી મુક્તિ અપાવે છે. આધિ - વ્યાધિ - ઉપાધિથી દૂર રાખે છે. શારીરિક - માનસિક વગેરે તમામ પ્રકારનાં દુઃખોનો વિનાશ કરવાની અદ્ભુત તાકાત જિનભક્તિમાં રહેલી છે.

ભગવાનની ભક્તિ અને ભક્તોનો જ્વલંત ઈતિહાસ આપણી આંખ સામે છે. સમ્રાટ સંપ્રતિ, મહારાજા કુમારપાળ, પેથડશા મંત્રીશ્વર, વસ્તુપાળ તેજપાળ તથા મહાસતી દમયંતી, સીતા, અંજના વગેરે શ્રાવક-શ્રાવિકાઓની હારમાળા આ વાતની સાક્ષીરૂપે છે. આપણે આવા પુણ્યશાળીઓને આદર્શ બનાવવાનાં છે.

કરુણાસાગર પરમાત્માની કરુણા ઝીલવા માટે પાત્ર બનવાનું છે. ભગવાન તો ભરપૂર કરુણાનો અમૃત-ધોધ વરસાવે છે. એમાં સ્નાન કરીને પાવન બનવાનું છે. 'મા' બાળકની શારીરિક અશુચિ દૂર કરે છે. ભગવાન આપણા આત્માની અપવિત્રતાને દૂર કરી પાવન બનાવે છે. ભગવદ્ભક્તિરૂપી ભાગીરથીમાં સ્નાન કરી પાવનતા પ્રાપ્ત કરો, એ જ મંગલકામના.

**દ. આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ આદિ** શ્રમણ-શ્રમણીગણ તરફથી, **ધર્માનુરાગી સુશ્રાવક મહેન્દ્રભાઈ, અતુલભાઈ આદિ** પરિવાર યોગ્ય ધર્મલાભ.દેવ-ગુરુ પસાયે સુખશાતા છે.

કાવીતીર્થમાં સામુદાયિક ઓળીની આરાધના પૂર્ણ કરાવી આજે સવારે જ વિહાર કરી અહીં આવ્યા. આવતાંની સાથે જ વોટ્સએપ પર આવેલા સમાચાર જાણી દુઃખ થયું. સુશ્રાવિકા દક્ષાબેનના ઉપચાર તથા સમાધિ માટે ઘણી-ઘણી મહેનત તમે-અમે સૌએ કરી. લગભગ તેઓ મોત-બીમારીની સામે મહિના સુધી ઝઝૂમ્યા. અંતે આયુષ્યને સાંધવામાં માનવશક્તિ કામ નથી આવતી. અલબત્ત, ભગવાન મહાવીરપ્રભુ પણ આયુષ્ય વધારી શક્યા નહોતા, પ્રભુની અનંત શક્તિની સામે આપણી શક્તિ તો સાવ વામણી છે.

હવે તમારું કર્તવ્ય એ બને છે કે - 'તેઓનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં શાંતિ - સમાધિ - સદ્‌ગતિ અને પ્રભુના પવિત્ર શાસનને પ્રાપ્ત કરી મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધે..' એવી શાસનદેવને પ્રાર્થના કરવી. તેમની પાછળ કોઈએ, કોઈ પણ પ્રકારનો શોક ન કરવો. શોક કરવાથી આપણને નવું શોક મોહનીય કર્મ બંધાય છે. તેનાથી ભવિષ્ય બગડે છે.

અનાદિ કાળથી ચાલી આવતી આ જન્મ - મરણની અનીચ્છનીય અને દુઃખદાયી ઘટમાળમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવાની વાત જ્ઞાની ભગવંતોની હોય છે. એ માટે ધર્મ જ તારણહાર છે, તેથી શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે - '**शोके धर्म विवेकिनः**' મતલબ, શોકના પ્રસંગે વિવેકી જીવો વિશેષ ધર્મ તરફ વળે છે. શોકગ્રસ્ત જીવોને દુર્ધ્યાનથી બચાવનાર માત્ર ને માત્ર ધર્મ જ છે. તેથી હવે સંપૂર્ણ પરિવારે દેવ-ગુરુ-ધર્મની ઉપાસનામાં વિશેષ પુરુષાર્થ કરવાનો છે. એક દિવસ પણ ધર્મ છોડવાનો નથી. કોઈપણ જીવને ધર્મમાં અંતરાય કરવાનો નથી. સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, જિનપૂજા, ગુરુભક્તિ... વગેરે બધા જ ધર્મો યથાવત્ રાખી, એમાં વધારો કરવાનો છે.

શ્રીમહાવીરપ્રભુનાં નિર્વાણથી શોકાકુલ થયેલા નંદીવર્ધન રાજાને બહેન સુદર્શનાએ પોતાને ત્યાં બોલાવી જમાડીને શોક દૂર કરાવ્યો હતો. તેનાથી જ ભાઈ-બીજ નામના પર્વનો જન્મ થયો.

જૈન ધર્મમાં તો જન્મને દુઃખનું કારણ અને મૃત્યુને મહોત્સવમય બનાવવાની વાત જણાવી છે. આપણે એ જ જિનાજ્ઞાનું પાલન કરવાનું છે. પોતે શોકમુક્ત બનવાનું છે અને સૌને બનાવવા છે.

આ મારો પત્ર સૌને વંચાવશો. આરાધનામાં આગળ વધશો.

**દ.આ.વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.**



## ★ વાંચનનું તારણ, સાવધાનીનું કારણ !!! ★★★

**- સંકલન**

(દૈનિક છાપાંઓમાંય વિવિધ વિષયોની વાતો રોજ આવતી હોય છે. દેશ-દુનિયામાં બનતી ઘટનાઓ, રાજકારણ, કથાનકો, વિજ્ઞાનની નવી-જૂની વાતો, ખાવા-પીવાની વાતો, નવી શોધ-સંશોધનની વાતો, પ્રેરક પ્રસંગો, શોધ-ખોળનાં ફાયદા-નુકશાનો, ચોરી-ખૂન-બળાત્કારના પ્રસંગો, વાગ્યુદ્ધ-શસ્ત્રયુદ્ધ-જૈવિકયુદ્ધ-પરમાણુંયુદ્ધ વગેરે વિવિધ પ્રકારના યુદ્ધોની વાતો, ભિન્ન ભિન્ન રોગ-બીમારીની વાતો, તેના ઉપચારોમાં નિર્દેશો, આરોગ્યપ્રદ - બિન આરોગ્યપ્રદ આહારચર્યા, બજારની - ભાવતાલની, નીતિ-અનીતિ, ન્યાય - અન્યાયની, કાયદાની, બંધારણની, અલગ-અલગ ધર્મોની તેના આચારોની, ધર્મ ઝનૂનની આવી ઘણી-ઘણી વાતો ન્યુઝ - પેપરમાં અવાર-નવાર કે રોજ ચમકતી હોય છે. અલબત્ત, આ બધી જ વાતો ભરોસાપાત્ર કે સર્વજ્ઞ કથિત અથવા પરીક્ષા કરીને મૂકેલી હોય છે. એવું માનવાની જરૂર નથી. કેટલીક વાતો લાલબત્તી (દીવાદાંડી) રૂપે પણ હોય છે; આવી થોડી વાતો, જે પેપરમાં આવેલી જોવા - જાણવામાં આવી તેને અહીં રજૂ કરી છે, હંસ-ચંચુન્યાયથી ગ્રહણ કરવાની છે. ઉપયોગી-બિન ઉપયોગી, સત્ય - અસત્ય, ઉપકારી - અપકારી, જરૂરી-બિનજરૂરી વગેરે વિવેક વાંચકોએ પોતે કરવાનો છે.

પહેલું તારણ બિન-આરોગ્યપ્રદ કૃત્રિમ (આર્ટીફિશ્યલ) સ્વીટનરનું છે. એમાં જીભને ગમનારી ચીજ હોવા છતાં આવી મીઠાશવાળી ચીજો કેટલી-કેવી હાનિકારક છે, તેની વાતો માત્ર આરોગ્ય અને શારીરિક દૃષ્ટિ કોણથી રજૂ થઈ છે. આમાં આવી ચીજોનાં માનસિક કે આધ્યાત્મિક નુકશાનોની વાતો આવતી નથી. શારીરિક કરતાં, માનસિક અને માનસિક કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ કેટલું નુકશાન છે, તે વાચકો સ્વયં વિચારે... આરોગ્ય બગડતાં મનના વિચારો પર તેની વિપરીત અસર થવાની જ... અને તેની અસર તમારા જીવન સાથે અધ્યાત્મ પર પણ પડે જ.. માટે આ વસ્તુને ફક્ત શારીરિક રીતે જ ન વાંચશો, આગળના પણ વિચારો કરશો.

બીજું લખાણ મૂક્યું છે તેની ભૂમિકા ત્યાં જ કરી છે.

ત્રીજી વાત (તારણ) ધર્મ-પરિવર્તન અંગેની છે. હિંદુઓ અને જૈનોએ સમયસર જાગવાનું છે. હકીકત વિચારીએ તો ઘણું મોડું થઈ ચૂક્યું છે. પરંતુ 'જાગ્યા ત્યારથી સવાર' ની ઉક્તિને ધ્યાનમાં રાખી ધર્મ અને ધર્મની આચારોને બચાવવાની તાતી જરૂર દેખાય છે. બળજબરીથી અથવા લાલચ વગેરેનાં માધ્યમથી ધર્મપરિવર્તનનો પ્રચંડ પવન દુનિયાભરમાં અને ખાસ કરીને ભારતમાં ફુંકાયો છે. લવજેહાદ પણ આવો જ કીમિયો છે. ગંભીર વિચાર કરી ધર્માંતરણના પ્રવાહમાં ન તણાઈ જવાય તે માટે બધાએ સાવધાન થવાની જરૂર છે **- સંપાદક**

## કૃત્રિમ સ્વીટનર વિશે Who ની ચેતવણી ... !

આપણે ચ્હા-કોફીમાં ખાંડને બદલે કૃત્રિમ સુગર વાપરીએ છીએ. પરંતુ એનાથી થતા ગેરફાયદાનો ખ્યાલ નથી. આ કૃત્રિમ સ્વીટનરો આપણી કમરની સાઈઝ બદલે છે અને કેન્સરની શક્યતા વધારે છે, એવું વિશ્વ આરોગ્ય સંસ્થા કહે છે.

આપણને એવો ભ્રમ છે કે ખાંડને બદલે મીઠી ગોળી કે પાવડર કે પ્રવાહી વાપરવાથી કોઈ ખરાબ અસર થતી નથી પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ બધા આર્ટિફિશ્યલ સ્વીટનરના ઉપયોગ સામે લાલબત્તી ધરી છે.

આર્ટિફિશ્યલ કે કુદરતી શુગરથી તમારી કમર વધે છે. ડાયાબિટીશની શક્યતા વધે છે અને કેન્સરનું જોખમ વધે છે. એવું વિધાન Who નું છે.

શુગરથી જાડાપણું વધે છે. શુગરથી કેલરી વધે છે. જે વજન વધારે છે. કેટલાક કેન્સર જેમાં કોલન કેન્સર, પોસ્ટ મેનોપોઝલ બ્રેસ્ટ અને એન્ડોમેટ્રિઅલ કેન્સરને જાડાપણાં સાથે જોડવામાં આવે છે.

તમારે કેટલી શુગર ખાવી જોઈએ ? અમેરિકન હાર્ટ એસોસીએશનના જણાવ્યા પ્રમાણે મહિલાઓએ છ ચમચી (૨૫ ગ્રામ) થી ઓછી અને પુરુષોએ નવ ચમચી (૩૭ ગ્રામ)થી ઓછી શુગર પ્રતિદિન લેવી જોઈએ. આ ઊમેરવામાં આવતી શુગરની વાત છે.

આર્ટિફિશ્યલ સ્વીટનર એ સિન્થેટિક શુગર સબસ્ટીટ્યૂટ છે અને તે ઓછી કરવી જોઈએ અથવા તેનો ઉપયોગ કરવો ના જોઈએ કેટલાંક વૈજ્ઞાનિકોના મતે આર્ટિફિશયલ શુગર અને કેન્સરને સંબંધ નથી એટલે કે તેની સાબિતી નથી છતાં સલામતી ખાતર તેનો ઉપયોગ ઓછો કરવો કે ત્યાજવું સારું છે.

ઝાયલિટોલ, સેકેરિન, સુક્રાલોઝ એસ્પાર્ટેમ વગેરે સામાન્ય આર્ટિફિશ્યલ શુગર છે.

જ્યારે ખાંડ, ખજૂર, નાળિયેર, શુગર, મેપલ સીરપ, મોલાસીસ વગેરે કુદરતી શુગર છે.

ટૂંકમાં ઉમેરવામાં આવતી શુગરથી કોઈ લાભ થતો નથી. સૌથી સારું આહારનું લેબલ વાંચો, તમારો ઇનટેક જાણો અને નક્કી કરો કે તમે ભલામણપાત્ર કે તેનાથી ઓછી શુગર ખાવ છો ?

દિવસના અંતે જે મળે છે તે કેલરી છે અને તમારી તંદુરસ્તીનો હિસાબ છે.

અંતે જાણો કે તમે ૨૧ દિવસ સુધી ખાંડ વિનાની કે ઓછી ખાંડની ચા પીશો તો તમારું શરીર એ કડવી ચ્હાની મઝા પણ માણી શકશે. ૨૧ દિવસની ગેરહાજરીથી તમારા મોંના પેલેટ્સ સ્વાદને ભૂલી જાય છે...!



## ★ ખ્યાતનામ કંપનીઓય સ્વાસ્થ્ય માટે ખતરનાક ! ★★★

- સંકલન

(જાત-જાતના ને ભાત-ભાતના સમાચાર રોજ ન્યુઝ પેપરોમાં ચમકતા હોય છે. જગતની માહિતી આ વર્તમાન પત્રોમાં આવતી હોય છે. એમાં માનવમનને સુધારનાર કરતાં બગાડનારી સામગ્રી વધુ પીરસાતી હોય છે. આહાર બગડે તેનુંમન બગડે... અન્ન તેવું મન, આહાર તેવો ઓડકાર વગેરે કહેવતો તેની સાખ પૂરે છે. જેનું મન બગડે તેનું અધ્યાત્મ ઘવાય તેમાં શંકા નથી. વિવિધ નેશનલ - મલ્ટીનેશનલ કંપનીઓ પૈસા કમાવાની લ્હાયમાં અને વ્યાપાર વધારવા માટે પદાર્થોને સ્વાદિષ્ટ બનાવવા માટે તે ખાદ્ય પદાર્થોમાં બિન સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓ પણ ઊમેરતાં ખચકાતી નથી.)

**આજ-કાલ સ્વાસ્થ્ય કરતાં સ્વાદ તરફ વધુ ખેંચાઈ ગયેલી જનતા માટે લાલબત્તી** ધરતાં ઘણાં લખાણો જાહેરમાં પ્રસિદ્ધ થતાં રહે છે. જીભના ગુલામ બનેલા જીવો એ બાબત 'આંખ આડા કાન' કરતા હોય તેવું સ્પષ્ટ જોવા મળે છે. ભરપૂર પૈસાનો ધુમાડો કરી, સ્વાદિષ્ટ પદાર્થો પર, રોગ-આરોગ્યનો વિચાર કર્યા વગર દુકાળિયાની જેમ તૂટી પડનારા જીવોનો આજે તોટો નથી ! તેના જ કારણે આજે ખાણી-પીણી બજાર ખૂબ તેજીમાં ચાલે છે. તગડી કમાણી કરે છે.

બિન આરોગ્યપ્રદ આઈટમો; નિત નવાં નામથી બજારમાં આવે છે. દીવાની જ્યોત પાછળ પતંગિયાની જેમ સ્વાદરસિક જીવો આવા ખોરાક તરફ ખેંચાઈને આરોગ્ય સાથે ખેલ ખેલે છે. શરીરને અનેક રોગોનું ઘર બનાવે છે.

**પરિણામ એ આવે છે: આ જીભડીને બહેકાવનારા પદાર્થો પાછળ જેટલો ખર્ચ કર્યો હોય તેનાથી અનેક ગણો ખર્ચ તેનાથી ઊભા થયેલા રોગોના ઈલાજ પાછળ કરે છે. પોતે શારીરિક - માનસિક - આર્થિક વગેરે અનેક પ્રકારે પરેશાન થાય છે. તેમાં શાંતિ-સમાધિ જોખમાઈ જાય છે. આ લોક (ભવ) સાથે પરલોક પણ બગાડી નાંખે છે.**

જૈન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે શુદ્ધ-સાત્ત્વિક ખોરાક (આહાર) - પાણી લેવાય તો આમાંની કોઈ મુશ્કેલીનો સામનો લગભગ કરવો ન પડે !

**જીભ ઉપર પરિમિત સમય રહેનારો એ સ્વાદ કેટલી અપરિમિત પીડા સર્જક બને છે, તે વિચારવા જેવું છે.**

સંસારની કહેવત મુજબ 'પહેલું સુખ તે જાતે નર્યાં !' જેવી પાયાની વાતો આજે વિસરાઈ ગઈ છે; એવું નથી લાગતું ? પોતાના ઘરમાં આગ લગાડવા જેવી

અથવા પોતાના પગ પર કુહાડો મારવા જેવી ખતરનાક ભૂલ ન કરીએ અને ભક્ષ્યા-ભક્ષ્યના નિયમો સમજી હાનિકારક પદાર્થોને નવ ગજ દૂરથી નમસ્કાર કરવા માટે નેસ્લે કંપનીએ સ્વીકારેલી પોતાની નબળી વાતો પૂરતી થશે, એવું લાગે છે.
**- સંપાદક**

## नेस्ले ने माना : ६० फीसदी प्रोडक्ट स्वास्थ्य के लिए खतरनाक पोषक तत्त्व प्रोफाइल को बढ़ाने के लिए प्रयास जारी

नई दिल्ली । नेस्ले की मैगी एक बार फिर से सुर्खियों में है । नेस्ले ने अपनी रिपोर्ट में खुलासा किया है कि उसके ६० फीसदी फूट प्रोडक्ट और ड्रिंक्स सेहतमंद नहीं है । इन्हें खाना या पीना सेहत के लिए अच्छा नहीं है । कंपनी उत्पादों के पोषक तत्त्व प्रोफाइल को बढ़ाने के लिए लगातार प्रयास कर रही है।

इस संदर्भ में ब्रिटेन बिजनेस डेली फाइनेंशियल टाइम्स ने एक रिपोर्ट जारी की, जिसके अनुसार आस्ट्रेलिया के हेल्थ स्टार रेटिंग सिस्टम में, एनिमल फूड और मेडिकल न्यूट्रिशन को छोड़कर, नेस्ले के केवल ३७ फीसदी फूड एंड बेवरेज प्रोडक्ट्स ही पांच में से ३.५ से ज्यादा की रेटिंग पाने में कामयाब रहे हैं । हेल्थ स्टार रेटिंग और न्यूट्री-स्कोर को प्रोडक्ट्स की क्वोलिटी के लिए अच्छा माना जाता है ।

**पोर्टफोलियो को स्वादिष्ट और स्वस्थ बनाना रखेंगे जारी : नेस्ले**

इस संदर्भ में कंपनीने कहा है कि, हम अपने पूरे पोर्टफोलियो को लोगों के जीवन के विभिन्न चरणों में देख रहे हैं ताकि यह सुनिश्चित हो सके कि हमारे उत्पाद उनकी पोषण संबंधी जरुरतों को पूरा करने और संतुलित आहार का समर्थन करने में मदद करें । हमारे उत्पादों के पोषण में सुधार के लिए हमारे प्रयास दशकों से मजबूत नींव पर आधारित है ।

**सुधार के लिए किए गए प्रयासों का दिया उदाहरण ।**

हमने पिछले दो दशकों में अपने उत्पादों में शुगर और सोडियम को काफी कम कर दिया है । पिछले सात वर्षो में ही लगभग १४ से १५ फीसदी की कमी की गई है।

हाल के वर्षो में, हमने बच्चों और परिवारों के लिए ऐसे हजारों उत्पाद लोन्च किए है जो बाहरी, पोषण मानकों को पूरा करते हैं ।

हमने अपने किफायती और पौष्टिक उत्पादों के माध्यम से अरबों सूक्ष्म पोषक तत्वों की खुराक भी वितरित की है ।

जैसा कि हम अपनी भविष्य की पोषण रणनीति पर विचार करते है, हम सबसे पहले अपने खाद्य और पेय पोर्टफोलियो के उस हिस्से का आकलन करने पर ध्यान केंद्रित कर रहे है जिसे बाहरी पोषण प्रोफाइलिंग सिस्टम के खिलाफ मापा जा सकता है । हेल्थ स्टार रेटिंग



और न्यूट्री-स्कोर जैसी प्रणालियां इस संबंध में उपयोगी है । हालांकि, ये सब कुछ रिकोर्ड नहीं करते हैं । कंपनी ने बताया कि हमारी लगभग आधी बिक्री इन प्रणालियों द्वारा कवर नहीं की जा रही है।

इसमें शिशु पोषण, विशेष स्वास्थ्य उत्पाद और पालतू जानवरों के भोजन जैसी श्रेणियां शामिल है, जो विनियमित पोषण मानकों का पालन करती हैं । हम मानते हैं कि एक स्वस्थ आहार का अर्थ है वेल-बोईंग और आनंद के बीच संतुलन । इसमें कम मात्रा में इंडल्जेंट पदार्थ शामिल है । हमारी यात्रा की दिशा नहीं बदली है और स्पष्ट है : हम अपने पोर्टफोलियो को स्वादिष्ट और स्वस्थ बनाना जारी रखेंगे।

मामले में नेस्ले इंडिया के प्रवक्ता ने कहा कि, नेस्ले इंडिया का मानना है कि पोषण एक मौलिक आवश्यकता है और स्वस्थ जीवन को सक्षम करने में खाद्य उद्योग की महत्वपूर्ण भूमिका है । अपने उद्देश्य से प्रेरित होकर, अपने उत्पादों के पोषक तत्त्व प्रोफाइल को बढ़ाने के लिए लगातार प्रयास कर रहे हैं, साथ ही नए और पौष्टिक खाने पर भी काम कर रहे हैं ।

**નોંધ : ધર્મપરિવર્તનની વાત આવતા અંકે...**

## ★ અનુમોદનામૃતમ્ ★★★

**- સંકલન**

પૂ.આ.ભ. શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં ૨ તથા પ્ર.પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ બોરસદમાં બિરાજમાન હતાં. પૂ.આ.ભ. શ્રી આદિ ઠા.૨ ખંભાત શકરપુરાના જિનાલય શતાબ્દી પ્રસંગ પર હાજરી આપી વૈ.વ.૫ તા.૧૦-૫-૨૩ ના રોજ પરત પધાર્યા.

તે પૂર્વે વૈ. વ. ૪ તા.૯-૫-૨૩ ના મંગળવારે પૂ.આ.ભ. શ્રી જિનદર્શન સૂરીશ્વરજી મ., પૂ.આ.ભ. શ્રી મોક્ષરતિસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી તત્ત્વદર્શન સૂરીશ્વરજી મ. આદિ બોરસદ પધાર્યા. સામૈયું, પ્રવચન, નવકારશી, પ્રભાવના (રૂ.૧૦૦) વગેરે થયેલ. પૂ.આ.શ્રી જિનદર્શનસૂરીશ્વરજી મ. સાંજે જ વિહાર કરેલ.

બીજી તરફ વૈ.વ.૫ તા.૧૦-૫-૨૩ ના રોજ પૂ.આ.ભ.શ્રી વિ. ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા પધારી ગયા. એ દિવસે પૂ.આ.શ્રી મોક્ષરતિસૂરીશ્વરજી મહારાજાનો સંયમ જીવનના ૪૧ મા વર્ષમાં પ્રવેશ હતો. બંને આચાર્ય ભગવંતનાં પ્રવચનો સાથે થયાં અને ૪૦ વર્ષની સંયમજીવનની પૂર્ણાહુતિ પ્રસંગે તેઓશ્રીના સંસારી પરિવાર તરફથી રૂ.૪૦ ની પ્રભાવના થઈ.

આ જ સંયમજીવનના ૪૧ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે વૈ.વ.૧૦ તા.૧૪-૫-

૨૩ રવિવારે સાધુગુણપૂજાનું આયોજન થયેલ. આ રચના કવિહૃદય પૂ.આ.ભ.શ્રી મોક્ષરતિસૂરીશ્વરજી મ.સા.ની જ છે. અર્થસભર રચના છે. શબ્દલાલિત્ય પણ સુંદર છે. તેઓની ઘણી-ઘણી કૃતિઓ લોકજીભે ગવાય છે. કેટલીક વિશિષ્ટ પૂજાઓની પણ રચના તેઓએ કરી છે.

આ કાર્યક્રમ માટે; તેઓની રચનાઓને શબ્દ-સૂર આપનાર સાગર તેંડુલકર મુંબઈથી પધારેલ. ખૂબ સુંદર શાસ્ત્રીય સંગીત સાથે પૂજા ભણાવી. પૂજાનો કાર્યક્રમ પટેલ વાડીમાં રાખેલ. ભાવિકો સારી સંખ્યામાં પધાર્યા હતા. બહારગામના પણ ભાગ્યશાળીઓ પધાર્યા હતા. અંતે કેટલાક ગુરુભક્તો તરફથી લાડુની પ્રભાવના અપાઈ તથા વર્ષીતપ સંકલન સમિતિ તરફથી સંઘસાધર્મિકભક્તિનું આયોજન અયોધ્યાનગરી (જૈનવાડી) માં થયેલ.

વૈ.વ.૧૧ તા.૧૫-૫-૨૩ સોમવારે પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે પૂ.આ.ભ. શ્રી તત્ત્વદર્શનસૂરીશ્વરજી મહારાજે ગુણાનુવાદ કર્યા હતા.

જે.સુ. બીજી સાતમ તા.૨૭-૫-૨૩ શનિવારે પૂ.આ.ભ. શ્રી મોક્ષરતિ - સૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં-૪ વિહાર કરી નડિયાદ તરફ પધાર્યા.

## પૂ.ગુરુદેવનો ચાતુર્માસ પ્રવેશોત્સવ

લગભગ છેલ્લાં ૨૧ વર્ષથી લગાતાર 'ધર્મદૂત'ના માધ્યમથી સમ્યગ્જ્ઞાન પીરસનાર, અને તેમાંય મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વિશિષ્ટ ધર્મજાગૃતિ લાવવા સાથે શાસનની પ્રભાવના કરીને ગુજરાતની ધરતીને પાવન કરનાર પૂજ્યપાદ 'સૂરિમિત્રાનંદ' ના કૃપાપાત્ર પટ્ટધર, આગમશિલ્પ-વિધિવિધાનવિશારદ, સન્માર્ગરક્ષક પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાનું વિ.સં.૨૦૭૯ નું ચાતુર્માસ આણંદ જિલ્લાના 'બોરસદ' ગામે નક્કી થયું છે.

બોરસદ નગરના ત્રણે સંઘોનો સામુદાયિક વર્ષીતપનો મંગલપ્રારંભ પૂજ્ય ગુરુદેવની પાવનનિશ્રામાં ફા.વ.૭ તા.૧૪-૩-૨૩ ના દિવસે ઉલ્લાસપૂર્વક થયો છે. અમેરિકા-કેનેડા વગેરે દેશોમાં વસતા જૈનો ઉપરાંત બોરસદ તથા આજુ-બાજુનાં આણંદ-પેટલાદ- કાવિઠા - ખંભાત આદિ ગામોના ભાગ્યશાળીઓ પણ આ મહાન તપશ્ચર્યામાં જોડાયા છે. લગભગ ૧૫૦-૧૬૦ ની સંખ્યા છે. સવારનાં બિયાસણાં સામુદાયિક રીતે અલગ-અલગ ભાગ્યશાળીઓ દ્વારા કરાવાય છે. ભક્તિ કરવા માટે (પીરસવા) ભાડૂતી માણસો નહીં, ત્રણે સંઘના ભાઈ-બહેનો જ આવે છે. તેમને શ્રેયાંસકુમાર પરિવાર તરીકે બિરદાવાય છે. લાભાર્થી પરિવારોની ભક્તિ અનુમોદનીય છે. ઉદારતા પણ પ્રશંસનીય છે.



ભક્તિ માટે અનાજ-કરિયાણાથી લઈ મસાલા વગેરે તમામ ચીજો ઉત્તમોત્તમ વપરાય છે. વ્યવસ્થા માટે શ્રીવીશાઓસવાલજ્ઞાતિની વાડી મળી ગઈ છે, તેનું હાલ 'અયોધ્યાનગરી' નામ આપેલ છે. ઉદાર ચરિત દાતાઓ ગુમનામ રહેવા માંગે છે ! તેથી આયોજક તરીકે માત્ર 'શ્રીવર્ષીતપ સંકલન સમિતિ' નામ આપવામાં આવ્યું છે.

વિશેષ કોઈ ઘોંઘાટ વગર આરાધકો બિયાસણાં કરી રહ્યા છે. શિસ્તબદ્ધ કાર્ય ચાલી રહ્યું છે. થાળી-વાડકીનો સેટ, પાણીની એસ.એસ.ની બોટલ, નેપકીન વગેરે આયોજકો તરફથી આપવામાં આવેલ છે, તે આરાધકો રોજ લાવતા - લઈ જતા હોવાથી એઠું મૂકવાનો કે થાળીવાસણ માંજવાનો પ્રશ્ન ન રહેતાં દોષથી બચી જવાય છે. વગર જાહેરાતે મોટા ભાગનાં બિયાસણાં અંદરખાને જ નોંધાઈ ગયાં છે. સામાન્ય નકરામાં લાભ અપાઈ રહ્યો છે.

હવે, પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ પૂ.વર્તમાન ગચ્છનાયક પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજનાં આજ્ઞા-આશિષથી બોરસદ શ્રીવીશા ઓસવાલ સંઘમાં નિશ્ચિત થયેલ છે. સાથે બહેનોની આરાધના માટે પૂ.કવિકુલ-કિરીટ આ.ભ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયવર્તી પ્રવર્તિની પૂ.સા. ભદ્રિકાશ્રીજી મ.(જેઓ મૂળ બોરસદનાં જ વતની છે) પૂ.સા. હર્ષનંદિતાશ્રીજી મ.આદિ ઠા.૪ ની પણ જય પૂ.ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞાથી બોલાવી છે.

**પૂજ્યોનો ચાતુર્માસ પ્રવેશોત્સવ; વિ.સં.૨૦૭૯ અષાઢ સુ.૧૦ તા.૨૮-૬-૨૦૨૩ બુધવારના મંગલદિવસે નિશ્ચિત થયો છે. ઘણા ભાગ્યશાળીઓને આવા પ્રસંગે આવવાની ભાવના હોય છે, તેથી આ જાણ કરી છે.**

પ્રવેશ પ્રસંગે આવાસ-નિવાસની તથા ત્રણે ટાઈમની સાધર્મિકભક્તિનું આયોજન શ્રીસંઘે કરેલ છે. વ્યવસ્થા સારી જળવાય તે માટે અગાઉથી જાણ કરવા વિનંતિ છે.

પૂજ્યશ્રીના કાર્યક્રમની આગોતરી જાણકારી વગેરે વિગતો માટે ૮૩૩૯૦૯૯૯૯૯ નં. પર આપ જોઈન્ટ થઈ શકો છે. સમયે સમયે આપને જાણકારી મળતી રહેશે.

સામૈયાનો મંગલ પ્રારંભ ૨૮-૬-૨૩ બુધવારે સવારે ૮-૦૦ કલાકે થશે.

આણંદથી લગભગ ૧૭-૧૮ કિ.મી અને વડોદરાથી ૪૦ કિ.મી. અંતરે બોરસદ આવેલું છે.

**ચાતુર્માસ સ્થળ :-** જૈન ઉપાશ્રય, દેરાસરની ખડકી, કાશીપુરા, બોરસદ - ૩૮૮૫૪૦. જિ.આણંદ (ગુજરાત)

**કોન્ટેક નં.૯૪૨૯૦૨૨૦૨૨, ૯૯૧૩૧૨૨૦૨૨**